નં-જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/૨૪(૩)/ ૧૦
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તા. ૦૪ - ૦૩ - ૨૦૧૧.

## //પરિપત્ર//

**વિષય:- નિગમની વસાહતોમાં આવેલ ઔદ્યોગિક પ્લોટ/શેડ, રહેણાંક પ્લોટના એકત્રિકરણની સત્તાની સોંપણી બાબતે સ્પષ્ટતા બાબત.**

સંદર્ભ:- (૧) પરિપત્ર ક્રમાંક-જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/એચએન્ડએ/રહેણાંક નીતિ/પીઓએલ/૨૦૦૪/૨૨ તા.૨૨-૦૯-૨૦૦૪.

(૨) પરિપત્ર ક્રમાંક-જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૨૪(૩)/૦૭ તા.૨૫-૦૧-૨૦૧૧.

(૩) પરિપત્ર ક્રમાંક-ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/ પીઓએલ/૨૪/(૩)/૦૬ તા.૧૬-૦૨-૨૦૧૦.

:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:

નિગમની જુદી જુદી વસાહતોમાં આવેલ એકજ માલિક, ભાગીદારો કે પ્રાઈવેટ લીમીટેડ, લીમીટેડ કંપની એક કરતા વધુ એકમ ધરાવતા હોય તેવા કિસ્સાઓમાં પ્લોટ/શેડ વિગેરેની એકત્રિકરણ કરવા માટેની દરખાસ્ત મળે છે. જે બાબતે નિગમે સંદર્ભદર્શિત પરિપત્રથી સુચનાઓ જારી કરેલ છે. તે પ્રમાણે તા.૨૨-૦૯-૨૦૦૪ ના સંદર્ભ-(૧) ના પરિપત્રથી રહેણાંકના હેતુસર વ્યક્તિગત ધોરણે ફાળવવામાં આવેલ પ્લોટનું એકત્રિકરણ મંજુર રાખી શકાશે નહી. તે પ્રમાણેની નીતિ બનાવવામાં આવેલ. પરંતુ ત્યારબાદ તા.૧૬-૦૨-૨૦૧૦ ના સંદર્ભ-(૨) ના પરિપત્રથી અમુક શરતોને આધિન એકત્રિકરણની સત્તા વિભાગીય પ્રબંધકશ્રીને સોંપવામાં આવેલ. તેમા ઔદ્યોગિક પ્લોટ/શેડની સાથે સાથે શરતચુકથી રહેણાંક પ્લોટનો પણ સમાવેશ થઈ ગયેલ હતો તેથી તા.૨૫-૦૧-૨૦૧૧ ના સંદર્ભ-(૩) ના પરિપત્રથી રહેણાંક પ્લોટના કિસ્સામાં એકત્રિકરણની દરખાસ્ત મંજુર કરવાની સત્તા વિભાગીય પ્રબંધકશ્રીઓ પાસેથી પરત લઈને નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી હસ્તક રાખવામાં આવેલ છે. જેમાં સ્પષ્ટતા કરવાની કે સંદર્ભ-(૧) થી દર્શાવેલ પરિપત્રની શરત નં.૬ પ્રમાણે રહેણાંકના હેતુસર વ્યક્તિગત ધોરણે ફાળવવામાં આવેલ પ્લોટનું એકત્રિકરણ મંજુર રાખી શકાશે નહી. તે પ્રમાણેની નીતિ અમલમાં લઈ, વ્યક્તિગત ધોરણે ફાળવેલ પ્લોટના એકત્રિકરણની દરખાસ્ત સ્વીકારવાની/મોકલવાની રહેશે નહી અને આ સિવાયના, એટલે કે જેમાં રહેણાંક પ્લોટની ફાળવણી વ્યક્તિગત ધોરણે કરવામાં આવેલ નથી, તેવા કિસ્સામાં ગુણદોષ ઉપર જરૂરી દરખાસ્ત વડી કચેરીએ સાદર કરી શકાશે. જેની સર્વે વિતરણ અધિકારીઓએ નોંધ લેવી.

આ પરિપત્ર મળ્યા અંગેની પહોંચ જનરલ મેનેજરશ્રી (વિતરણ) ને નામજોગ મોકલી આપવાની રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,

- નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ તરફ.
- નિગમના ખાતાના વડાશ્રીઓ તરફ

(પા છ ળ)